# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

હેલ્થ જન્મ-મરણ વિભાગ

ગ્રાઉન્ડ ફ્લોર, આરોગ્ય ભવન, સેન્ટ્રલ એસ.ટી.બસ.સ્ટેન્ડ પાસે, ગીતા મંદિર, અમદાવાદ

ટેલિફોન નં.૦૭૯-૨૫૩૯૦૬૫૧ email:amcrbd@gmail.com


Azadi Ka Amrit Mahotsav

હેલ્થ જન્મ મરણ ખાતું
ઇ.નં./આ.નં.: 2206
તારીખ : 18-8-22
અમદાવાદ મ્યુ. કોર્પોરેશન

તા.૧૭-૦૮-૨૦૨૨

પ્રતિ,
આસી. મેનેજરશ્રી,
આર.ટી.આઈ.સેલ વિભાગ,
સરદાર પટેલ ભવન,દાણાપીઠ,
અમદાવાદ

વિષય : માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૪(૧)(ખ) હેઠળના પ્રો.એક્ટીવ ડિસ્કલોઝર
અધ્યતન કરવા તથા એનેક્ષર-એ મુજબનું પ્રમાણપત્ર મોકલી આપવા બાબત.

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૪(૧)(ખ) હેઠળના પ્રો.એક્ટીવ ડિસ્કલોઝર તથા એનેક્ષર-એ મુજબનું પ્રમાણપત્ર અધ્યતન સાથે હેલ્થ જન્મ-મરણ ખાતાનું આ સાથે સામેલ છે. જે જાણમાં લેવા વિનંતી આપશ્રીને વિનંતી છે.

18-8-22

સુપ્રિ.ઓફ વેક્સીનેશન & આર.બી.ડી.
હેલ્થ જન્મ-મરણ લગ્ન ખાતું

# હેલ્થ જન્મ-મરણ વિભાગ

## આરોગ્ય ખાતુ

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

ટેલીફોન : ૦૭૯-૨૫૩૯૦૬૫૧

આરોગ્ય ભવન, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે,
આસ્ટોડિયા દરવાજા બહાર, ગીતા મંદિર રોડ, અમદાવાદ

## માહિતી અધિકાર અધિનિયમ અનુસાર પ્રો-એક્ટીવ ડીસ્કલોઝર

### (૧) વ્યવસ્થાતંત્ર, કાર્યો અને ફરજો :-

રસીકરણ વિભાગ તથા જન્મ-મરણ-લગ્ન વિભાગના મુખ્ય અધિકારી "સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ વેકસીનેશન એન્ડ રજીસ્ટ્રાર ઓફ બર્થ્સ એન્ડ ડેથ્સ" છે. તેમના હાથ નીચે અને તેમના માર્ગદર્શન અનુસાર વેક્સીનેટર-કમ-ક્લાર્ક, મલ્ટીપરપઝ હેલ્થ વર્કરો તથા જુનીયર ક્લાર્કો દ્વારા રસીકરણ અંગેની કામગીરી, જન્મ-મરણ-લગ્ન નોંધણી અંગેની કામગીરી કરવામાં આવે છે.

ઉપરોક્ત કર્મચારીઓ દ્વારા જન્મ-મરણ-લગ્ન રજીસ્ટ્રેશન, જન્મ-મરણ-લગ્ન પ્રમાણપત્રોમાં સુધારા-વધારા કરવા, તેનું કોમ્પ્યુટરાઈઝેશન કરવું, વિવિધ પ્રકારની રસીઓ આપવી વગેરે કામગીરી કરવામાં આવે છે.

### (૨) પોતાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો :-

સીનીયર ક્લાર્ક, જુનીયર ક્લાર્ક, વેક્સીનેટર-કમ-ક્લાર્ક, મલ્ટીપરપઝ હેલ્થ વર્કર વિગેરે કર્મચારીઓને નિયત કામગીરી સોંપવી તથા તેઓ પોતાની ફરજો યોગ્ય અને ન્યાયી રીતે બજાવે તે પ્રમાણે સુપરવીઝન કરવું તે રજીસ્ટ્રારશ્રી દ્વારા કરવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો | કામગીરી |
|---|---|---|
| ૧ | સુપ્રિ. ઓફ વેક્સીનેશન & આર.બી.ડી. | સીનીયર ક્લાર્ક, જુનીયર ક્લાર્ક, વેક્સીનેટર-કમ-ક્લાર્ક, મલ્ટીપરપઝ હેલ્થ વર્કર વિગેરે કર્મચારીઓને નિયત કામગીરી સોંપવી તથા તેઓ પોતાની ફરજો યોગ્ય અને ન્યાયી રીતે બજાવે તે પ્રમાણે સુપરવીઝન કરવું |
| ૨ | સીનીયર ક્લાર્ક | પોતાના હાથ નીચેના દરેક કર્મચારીને જરૂરી માર્ગદર્શન આપવું તથા ખાતાની વહીવટીય કામગીરી સંભાળવી |
| ૩ | વેક્સીનેટર-કમ-ક્લાર્ક | જન્મ-મરણ-લગ્ન રજીસ્ટ્રેશનકરવું તથા જન્મ-મરણ સર્ટીફીકેટ આપવા તેમજ જન્મ-મરણ-લગ્નની ઓનલાઈન એન્ટ્રી કરવી |
| ૪ | જુનીયર ક્લાર્ક | જન્મ-મરણ-લગ્ન પ્રમાણપત્રોમાં સુધારા-વધારા કરવા, તેનું કોમ્પ્યુટરાઈઝેશન કરવું, તેની નકલો આપવી તથા અન્ય વહીવટીય કામગીરી કરવી |
| ૫ | મલ્ટીપરપઝ હેલ્થ વર્કર | રસીકરણ અંગેની કામગીરીમાં મદદ કરવી તથા જન્મ-મરણ-લગ્નની નોંધણીને લગતી અન્ય કામગીરીમાં મદદ કરવી |

### (3) નિર્ણય લેવાની કાર્યરીતી :-

જુનીયર કર્મચારીઓ દ્વારા જરૂરી પુરાવા ચકાસી અરજીઓ સ્વીકારવામાં આવે છે. તે ચકાસણી બાદ રજીસ્ટ્રાર (જન્મ-મરણ) શ્રી દ્વારા મંજુર કરવામાં આવે છે. સ્વીકારવામાં આવેલ દરેક અરજીનો નિયત સમયમર્યાદામાં (દિન-૧૫)માં નિકાલ કરવામાં આવે છે.

## (૪) નક્કી કરેલા ધોરણો :-

જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯, અનુસાર નિયત કરાયેલ નિયમો અને માર્ગદર્શિકા અનુસાર જન્મ-મરણ નોંધણીની તથા રાષ્ટ્રીય રસીકરણ મિશન અનુસાર રસીકરણ અંગેની કામગીરી કરવામાં આવે છે.

## (૫) નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમસંગ્રહો અને રેકર્ડ :-

જન્મ-મરણ રજીસ્ટરો વર્ષ ૨૦૧૦ થી વર્ષ ૨૦૨૧ તથા ચાલુ વર્ષના જે તે વોર્ડ ઓફીસે રાખવામાં આવે છે. તે સિવાયના તમામ જુના રજીસ્ટરો સેન્ટ્રલ રેકર્ડ વિભાગ ખાતે રાખવામાં આવે છે.

## (૬) દસ્તાવેજોના વર્ગોનું પત્રક :-

૧. જન્મ રજીસ્ટરો
૨. મરણ રજીસ્ટરો
૩. મૃત-જન્મ રજીસ્ટરો
૪. લગ્ન રજીસ્ટરો
૫. રસીકરણ અંગેના રજીસ્ટરો
૬. જન્મ-મરણ નોંધમાં સુધારા અંગેના રજીસ્ટરો
૭. ઠરાવ રજીસ્ટરો

## (૭) નીતિ તથા અમલીકરણના સંદર્ભમાં જનતા માટે ગોઠવણીની વિગતો :-

જન્મ-મરણની નોંધણી અંગેના નિયમો સંબંધીત માહિતી જાહેર જનતાને મળી શકે તે રીતે જે તે વોર્ડની ઓફિસે તથા જન્મ-મરણની મુખ્ય ઓફિસે બોર્ડ મુકવામાં આવેલ છે.

## (૮) બોર્ડ, કાઉન્સીલો, સમિતિઓ અને કાર્યનોંધો :- ------------------------

## (૯) અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા :-

| ક્રમ | અધિકારી / કર્મચારી | ફોન નંબર |
|---|---|---|
| ૧ | સુપ્રિ. ઓફ વેક્સીનેશન & આર.બી.ડી. | ૦૭૯-૨૫૩૯૦૬૫૧ |
| ૨ | સીનીયર ક્લાર્ક | --- |
| ૩ | જુનીયર ક્લાર્ક | --- |

## (૧૦) અધિકારીઓ અને કર્મચારીઓને મળતા માસિક વળતર :-

| ક્રમ | અધિકારી / કર્મચારી | અધિકારી/કર્મચારીઓની સંખ્યા | પગારની ગ્રેડ |
|---|---|---|---|
| ૧ | સુપ્રિ. ઓફ વેક્સીનેશન & આર.બી.ડી. | ૧ | ૬૭૭૦૦-૨૦૮૭૦૦ |
| ૨ | સ્ટાફ નર્સ | ૧ | ૨૯૨૦૦-૯૨૩૦૦ |
| ૩ | સીનીયર ક્લાર્ક | ૧ | ૨૫૫૦૦-૮૧૧૦૦ |
| ૪ | વેક્સીનેટર-કમ-ક્લાર્ક | ૧૯ | ૨૫૫૦૦-૮૧૧૦૦ |
| ૫ | જુનીયર ક્લાર્ક | ૧૫ | ૧૯૯૦૦-૬૩૨૦૦ |
| ૬ | મલ્ટીપરપઝ હેલ્થ વર્કર | ૩૫ | ૧૯૯૦૦-૬૩૨૦૦ |
| ૭ | પટાવાળા | ૩ | ૧૪૮૦૦-૪૭૧૦૦ |

(૧૧) અંદાજપત્ર, યોજનાઓ અને ખર્ચની વિગતો :-

| ક્રમ | બજેટ હેડ | ખર્ચ (રૂપિયા લાખમાં) |
|---|---|---|
| ૧ | પગાર ખર્ચ | ૧૨૮૫.૬૬ |
| ૨ | યુનિફોર્મ | ૧.૦૦ |
| ૩ | ટેલીફોન તથા ટ્રંકકોલ | ૦.૫૦ |
| ૪ | પોસ્ટેજ તથા ટેલીગ્રામ | ૦.૫૦ |
| ૫ | સ્ટેશનરી | ૨૦.૦૦ |
| ૬ | કોમ્પ્યુટરસ્ટેશનરી | ૦.૦૦ |
| ૭ | પ્રિન્ટીંગ | ૭.૦૦ |
| ૮ | અન્ય ખર્ચા | ૨.૫૦ |
| ૯ | સ્મશાનગૃહ | ૧૭૬.૦૦ |
| ૧૦ | અન્ય વીજળી ખર્ચ (લાઈટ ખર્ચ) | ૩૨૫.૦૦ |
| ૧૧ | અગ્નિસંસ્કાર/દફનક્રિયા ખર્ચમાં ફાળો | ૩૦.૦૦ |
| | કુલ | ૧૮૪૮.૧૬ |

(૧૨) આર્થિક સહાય કાર્યક્રમોના અમલ બજવણીની રીત :-

- જન્મ-મરણ પ્રમાણપત્ર પ્રથમ વખત વિના મુલ્યે આપવામાં આવે છે. ત્યારબાદ એક નકલ દીઠ રૂ. ૫૦/- ફી લેવામાં આવે છે. જયારે ગરીબો માટે એક નકલ દીઠ રૂ. ૨૫/- ફી લેવામાં આવે છે. લગ્ન પ્રમાણપત્ર સમય અનુસાર નિયત કરાયેલ ફી લઈ આપવામાં આવે છે. ત્યારબાદ નિયત ફી ભરી અન્ય નકલો મેળવી શકાય છે.

(૧૩) છૂટછાટો, રાહતો :-

- જન્મ-મરણ પ્રમાણપત્રોની નકલ મેળવવા માટે ગરીબ લોકો માટે પુરાવા રજુ કર્યેથી એક નકલ દીઠ રૂ. ૨૫/- ફી લઈ આપવામાં આવે છે.

(૧૪) ઈલેક્ટ્રોનીક સ્વરૂપમાં ઉપલબ્ધ માહિતીની વિગતો :-

- જન્મ-મરણ રજીસ્ટ્રેશનને લગતી વિગતો અ.મ્યુ.કો. ના ઇન્ટરનેટ ""ahmedabadcity.gov.in" વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.

(૧૫) નાગરિકોને ઉપલબ્ધ સુવિધાઓની વિગતો :-

- જન્મ-મરણ-લગ્ન મુખ્ય ઓફિસે તથા જુદા-જુદા વોર્ડમાંના દરેક જન્મ-મરણ-લગ્ન નોંધણી કેન્દ્ર ખાતે માહિતી અંગેના બોર્ડ મુકવામાં આવેલ છે.

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## જન્મ-મરણ-લગ્ન નોંધણી કેન્દ્રોના નામ સરનામાની વિગત :-

ઓફિસ સમય : સવારે ૯.૦૦ કલાક થી સાંજના ૫.૦૦ કલાક સુધી બપોરના ૧.૦૦ કલાકથી ૨.૦૦ કલાક સુધી રીશેષ, બીજા અને ચોથા શનિવાર અને જાહેર તહેવારની રજા

| SR. NO. | WARD NAME | ADDRESS |
|---|---|---|
| 1 | SHAHIBAUG | URBAN HEALTH CENTER MADHUPURA,BARDOLPURA PRASUTI GRUH,NR LAKAHJI KUVARJI HALL. |
| 2 | SHAHPUR | BAAL BHAVAN, NR. LALAKA HALL, DUDHESWAR ROAD. |
| 3 | DARIAPUR | URBAN HEALTH CENTER DARIAPUR,PARVATIBAI PRASUTI GRUH,DARIAPUR JORDEN ROAD |
| 4 | JAMALPUR | AROGYA BHAVAN, 2ND FLOOR, OPP GITAMANDIR ST DEPO. |
| 5 | KHADIA | URBAN HEALTH CENTER KHADIA,DESAI NI POLE,MUNI GUJ SCHOOL 32 BUILDING,NR BALA HAMUNAM |
| 6 | SARDARNAGAR | URBAN HEALTH CENTER SARDARNAGAR,SARDARNAGR MASTER OFFICE BUILDING,OPP POLICE STATION |
| | CHILODA | CHILODA PANCHAYAT OFFICE |
| 7 | NARODA | NARODA-MUTHIYA CHC, OPP KUMAR SHALA, BHARWAD VAAS, NARODA GAAM. |
| 8 | KUBERNAGAR | URBAN HEALTH CENTER KUBERNAGAR,IN KISHANSINH TOMAR'S HOUSE,BHARGAV ROAD,B J ROW HOUSE,KUBERNAGAR |
| 9 | AMRAIWADI | URBAN PRIMARY HEALTH CENTER AMRAIWADI, OPP METRO PILLAR NO-14, NR AMRAIWADI GARDEN, AMRAIWADI |
| 10 | SAIJPUR BOGHA | URBAN HEALTH CENTER SAIJPUR,NR RAJIV GANDHI BHAVAN,PETROL PUMP LINE,NARODA ROAD |
| 11 | ASARVA | URBAN HEALTH CENTER ASARVA,DISPENSARI BUILDING,HARIPURA GAM,ASARVA |
| 12 | RAMOL HATHIJAN | RAMOL-HATHIJAN UPHC, LAL GEBI CIRCLE, NEAR VRUNDAVAN PARTY PLOT |
| 13 | INDIA COLONY | URBAN HEALTH CENTER POTALIA,NR CHADRAPASAD HALL,NR SHRIJI SCHOOL.BAPUNAGAR |
| 14 | THAKKARBAPANAGAR | URBAN HEALTH CENTER THAKKARNAGAR, NR.SARDAR CHAWK, B/H MANIBA SCHOOL, THAKKARNAGAR |
| 15 | SARSPUR-RAKHIYAL | URBAN HEALTH CENTER SARASPUR,NR MUNI SNANAGRUH,POTALIA XROAD.SARASPUR |
| 16 | BEHRAMPURA | URBAN HEALTH CENTER BEHRAMPURA,NR KHODIYAR NAGAR BRTS STOP. |
| 17 | VATVA | URBAN HEALTH CENTER VATVA, CHANDRALOK BUNGLOW OPP, VATVA CANAL ROAD,B/H SMRUTI MANDIR. VATVA |
| 18 | INDRAPURI | URBAN HEALTH CENTER INDRAPURI,NR BARODA EXPRESS HIGHWAY,MASTER STATION OFFICE |
| 19 | KHOKHRA | URBAN HEALTH CENTER KHOKHRA,RUKSHMANIBEN PRASUTI GRUH BUILDING,OPP SPORTS COMPLEX |
| 20 | MANINAGAR | MANINAGAR MASTER OFFICE BUILDING,SINDHI MARKET, OPP RAILWAY STATION, MANINAGAR |
| 21 | DANILIMDA | DANILIMDA COMMUNITY HEALTH CENTRE, 1ST FLOOR, OPP POLICE STATION, DANILIMDA |
| 22 | LAMBHA | PANCHAYAT OFFICE LAMBHA,NAROL HIGHWAYS ROAD. |
| 23 | GHODASAR | URBAN HEALTH CENTER GHODASAR,1 ST FLOOR,RAMVADI WATER TANK, ISANPUR ROAD. |
| 24 | V.S. HOSPITAL | V.S.HOSPITAL COMPAUND, OPP RMO OFFICE |
| 25 | NIKOL | URBAN HEALTH CENTER NAVA NARODA,NR BETI BACHAO GRAOUND,NAVA NARODA |
| | KATHWADA | KATHWADA PANCHAYAT OFFICE |
| 26 | VIRATNAGAR | URBAN HEALTH CENTER VIRATNAGAR,NIKOL ROAD MASTER BUILDING,OPP LILANAGR SMASHAN GRUH |
| 27 | VASTRAL | VASTRAL URBAN HEALTH CENTER,NR KANKUBA PARTY PLOT,NR ARPAN SCHOOL. |
| 28 | BAPUNAGAR | URBAN HEALTH CENTER BAPUNAGAR,VIRATNAGAR ROAD,NR MARGHA FARM,BAPUNAGAR |
| 29 | ODHAV | URBAN HEALTH CENTER ODHAV,OLD KARSHANNAGAR MUNI.GUJ SCHOOL.RABARI VASAHAT |
| 30 | GOMTIPUR | URBAN HEALTH CENTER GOMTIPUR,REFRAL HOSPITAL BUILDING,GOMTIPUR DARWAJA,GOMTIPUR |

| | | |
|---|---|---|
| 31 | BHAIPURA-HATKESHVAR | URBAN HEALTH CENTER BHAIPURA,AMTS BUS STAND,OPP EKTA APPARTMENT,CTM ROAD,HATKESWAR |
| 32 | CHANDKHEDA | COMMUNITY HEALTH CENTRE CHANDKHEDA, OPP MANIPRABHU SCHOOL, IOC ROAD, CHANDKHEDA |
| 33 | SABARMATI | URBAN HEALTH CENTER SABARMATI,RAMNAGAR PRASUTI GRUH BUILDING,NR PUKHRAJ HOSPITAL,SABARMATI |
| 34 | NARANPURA | NARANPURA MASTER OFFICE,NR KAMESWAR MAHADEV TEMPLE,NR ANKUR BUS STAND,NARANPURA |
| 35 | NAVA VADAJ | URBAN HEALTH CENTER NAVA VADAJ,B/H PARTH TOWER,B/H POONA PARTI PLOT |
| 36 | S.P.STADIUM | URBAN HEALTH CENTER STADIUM,COFEE DAY LINE,NR SHAH HOSPITAL,INCOMETAX TO VADAJ MAIN ROAD. |
| 37 | NAVRANGPURA | URBAN HEALTH CENTER, NR AIDS CONTROL SOCIETY,LAL BUNGLA,NAVRANGPURA. |
| 38 | PALDI | PALDI UPHC, FATEHPURA GAAM, PALDI |
| 39 | VASNA | URBAN HEALTH CENTER VASNA, OPP VASNA BUS STAND, OPP DIVINE LIFE SCOOL, SWAMINARAYAN TEMPLE LINE,VASNA. |
| 40 | GOTA | NEW GOTA URBAN HEALTH CENTRE, OPP KARGIL PETROL PUMP.S.G.HIGHWAY ROAD. |
| 41 | CHANDLODIYA | NEW URBAN HEALTH CENTER CHANDLODIYA, NEAR KUMKUM PARTY PLOT, CHANDLODIYA LAKE, CHANDLODIA. |
| 42 | RANIP | URBAN HEALTH CENTER,OPP RUPKAMAL SOC. GATRI MADIR ROAD.OPP ANNAPURNA VADI.RANIP |
| 43 | GHATLODIA | URBAN HEALTH CENTER GHATLODIA,CHANAKYA PURI BRIDGE,GHATLODIYA |
| 44 | THALTEJ | THALTEJ WARD OFFICE, B/H ZYDUS HOSPITAL, NR. AINA COMPLEX, SHELL PETROL PUMP, THALTEJ |
| 45 | BODAKDEV | URBAN HEALTH CENTRE BODAKDEV, B/H APANG MANAV MANDIR, MEMNAGAR |
| 46 | SARKHEJ | URBAN HEALTH CENTER SARKHEJ,CHC BUILDING,OPP SARKHEJ I.T.I.,SARKHEJ GAM |
| 47 | MAKTAMPURA | URBAN HEALTH CENTER SANKALITNAGAR, SANKALITNAGAR ,MAKTAMPURA |
| 48 | JODHPUR | URBAN HEALTH CENTER -JODHPUR,OPP ANUPAM SOC VIBHAG-2,RATHI HOSPITAL,NR AADITYA PLAZA BUILDING, JODHPUR GAM ROAD. |
| | BOPAL-GHUMA | BOPAL CITY CIVIC CENTER, OPP SOBO CENTER, NEAR AUDA GARDEN, BOPAL GAM |
| 49 | VEJALPUR | URBAN HEALTH CENTER VEJALPUR, PHC BUILDING,OPP WATER TANK,VEJALPUR GAM |
| 50 | CIVIL HOSPITAL | CIVIL HOPSITAL, G/F FLOOR, OPD BUILDING, ROOM NO 95, ASARVA COMPOUND |

## (૧૬) જાહેર માહિતી અધિકારી :-

| | | |
|---|---|---|
| ૧ | અપીલ અધિકારી | એડી. એમ.ઓ.એચ. |
| ૨ | જાહેર માહિતી અધિકારી | સુપ્રિ. ઓફ વેક્સીનેશન & આર.બી.ડી. |

## (૧૭) ઠરાવવામાં આવે તેવી બીજી માહિતી :-

- જન્મ, મરણ, બાળ-મરણ, માતૃમરણને લગતી માહિતીનું પત્રક તથા લગ્ન નોંધણીને લગતી સુચનાઓનું પત્રક આ સાથે સામેલ કરેલ છે.

તા. ૧૭-૦૮-૨૦૨૨

18-8-2022

સુપ્રિ. ઓફ વેક્સીનેશન & આર.બી.ડી.
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## (૧) જન્મ દાખલામાં બાળકનું નામ દાખલ કરવા માટે

➢ **બાળક નાની ઉમરનું છે / સ્કુલમાં જતું ન હોઈ તેવા કિસ્સામાં**

- નામ દાખલનું ફોર્મ (જન્મ દાખલો સુધારાનું ફોર્મ)
- બાળકના જન્મ દાખલાની નકલ.
- માતા-પિતાનો એક-એક પુરાવો (જો જન્મ દાખલામાં અટક ન હોઈ તો પિતાના બે અટક વાળા પુરાવા)
- જરૂર જણાય તો એફીડેવીટ કરાવવી

➢ **બાળક સ્કુલમાં જતું હોઈ / અભ્યાસ પૂર્ણ થયેલ હોઈ તેવા કિસ્સામાં**

- નામ દાખલનું ફોર્મ (જન્મ દાખલો સુધારાનું ફોર્મ)
- બાળકના જન્મ દાખલાની નકલ.
- બાળક સ્કુલમાં જતું હોય તો સ્કુલ બોનાફાઈડ / બાળકનું સ્કુલ એલ.સી./સ્કૂલનો કોઇપણ એક પુરાવો જેમાં બાળકનું પૂરૂં નામ, જન્મ તારીખ, તથા જન્મ સ્થળનો ઉલ્લેખ થતો હોય.
- માતા-પિતાના એક-એક પુરાવા (જો જન્મ દાખલામાં અટક પણ ન હોય તો પિતાના બે અટકવાળા પુરાવા માતા-પિતા હયાત ન હોય તો તેમનું મરણ સર્ટીફીકેટ રજુ કરવું)
- બાળક જો પુખ્ત વયનું હોય તો તેમનું ફોટો આઈ.ડી. પ્રૂફ.
- જરૂર જણાય તો એફીડેવીટ કરાવવી

➢ **બાળક અભણ હોય તેવા કિસ્સામાં**

- નામ દાખલનું ફોર્મ (જન્મ દાખલો સુધારાનું ફોર્મ)
- બાળકના જન્મ દાખલાની નકલ
- માતા-પિતાના એક-એક પુરાવા (જો જન્મ દાખલામાં અટક પણ ન હોય તો પિતાના બે અટકવાળા પુરાવા માતા-પિતા હયાત ન હોય તો તેમનું મરણ સર્ટીફીકેટ રજુ કરવું)
- બાળક જો પુખ્ત વયનું હોય તો તેમનું ફોટો આઈ.ડી. પ્રૂફ
- બાળક પોતાની અભણ અંગેની એફીડેવીટ, તેમજ બે સાક્ષીઓની અભણ તરીકે ઓળખે છે તેવી સંયુક્ત એફીડેવીટ લેવી. તથા તેમના આ.ડી. પ્રૂફ લેવા.

## (૨) જન્મ દાખલામાં સરનેમ(અટક) ઉમેરવા માટે

- નામ દાખલનું ફોર્મ (જન્મ દાખલો સુધારાનું ફોર્મ)
- બાળકના જન્મ દાખલાની નકલ
- બાળક સ્કુલમાં જતું હોય તો સ્કુલ બોનાફાઈડ / બાળકનું સ્કુલ એલ.સી./સ્કૂલનો કોઇપણ એક પુરાવો જેમાં બાળકનું પૂરૂં નામ તથા જન્મ તારીખનો ઉલ્લેખ થતો હોય. (જો હોય તો)
- પિતાના અટકવાળા બે પુરાવા / પિતા મૃત્યુ પામેલ હોય તો પિતાનો મરણ દાખલો
- માતાનો અટકવાળો એક પુરાવો
- જરૂર જણાય તો એફીડેવીટ કરાવવી

<u>ખાસ નોંધ :</u> ઘણા કિસ્સામાં બાળક તથા પિતાની અટક ફેર હોય છે તેવા સંજોગોમાં પિતાના નામના કોલમમાં ફક્ત પિતાની જ અટક આવશે. બાળકની અટક ફેરની એફીડેવીટ લાવવી.

(3) જન્મ દાખલામાં બાળકનું નામ સુધારો કરવા માટે

(હાલમાં બાળકના નામમાં ફક્ત સામાન્ય જ સુધારો થાય છે. જેમ કે ભાઈ, કુમાર, સિંહ, સિંગ, બેન, બહેન, કુમારી, વગેરે તેમજ જો બાળકના નામમાં ભાવાર્થમાં ફેરફાર થતો ન હોય તો જ બાળકનું નામ સુધારવું)

- જન્મ દાખલો સુધારાનું ફોર્મ
- બાળકના જન્મ દાખલાની નકલ
- બાળક સ્કુલમાં જતું હોય તો સ્કુલ બોનાફાઈડ / બાળકનું સ્કુલ એલ.સી./સ્કૂલનો કોઇપણ એક પુરાવો જેમાં બાળકનું પૂરું નામ, જન્મ તારીખ, તથા જન્મ સ્થળ નો ઉલ્લેખ થતો હોય. (જો હોય તો)
- બાળક જો પુખ્ત વયનું હોય તો તેમનું ફોટો આઈ.ડી. પ્રૂફ
- માતા-પિતાનો એક-એક પુરાવો
- જરૂર જણાય તો જ એફીડેવીટ

(૪) જન્મ દાખલામાં માતા-પિતાના નામમાંથી ભાઈ/બેન/કુમાર/કુમારી કમી કરાવવા માટે

- જન્મ દાખલો સુધારાનું ફોર્મ
- બાળકના જન્મ દાખલાની નકલ
- માતા-પિતાના બે પુરાવા (માતાના પતિના નામ સાથેના પુરાવા)

(૫) જન્મ દાખલામાં પિતાનું નામ સુધારો કરવા માટે

- જન્મ દાખલો સુધારાનું ફોર્મ
- બાળકના જન્મ દાખલાની નકલ
- બાળક સ્કુલમાં જતું હોય તો સ્કુલ બોનાફાઈડ / બાળકનું સ્કુલ એલ.સી./સ્કૂલનો કોઇપણ એક પુરાવો જેમાં બાળકનું પૂરું નામ, જન્મ સ્થળ તથા જન્મ તારીખનો ઉલ્લેખ થતો હોય.
- પિતાના સાચા નામ સાથેના બે પુરાવા
- માતાના પતિના નામ સાથેના બે પુરાવા
- રેશનકાર્ડની નકલ
- જો બીજું બાળક હોય તો તેમના જન્મ દાખલાની નકલ
- લગ્ન સર્ટીફીકેટ/લગ્ન કંકોત્રી/મેરેજ મેમોરેન્ડમ
- બે સાક્ષીઓના એકરારનામા (આઈ.ડી. પ્રૂફ સાથે)
- પિતાના નામમાં જો હોસ્પિટલ દ્વારા ભૂલ થયેલ હોય તો હોસ્પીટલનું સુધારા સ્ટેટમેન્ટ (એક વર્ષ સુધી)
- સુધારા માટેની તાજેતરમાં કરાવેલ ૫૦/- રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર કરાવેલ નોટરી વાળી એફીડેવીટ અને એફીડેવીટ કરનારનું આઈ.ડી. પ્રૂફ.
- જરૂર જણાય તો અન્ય બે સાક્ષીઓના સુધારા અંગેની સંયુક્ત એક એફીડેવીટ તેમજ તેમના આઈ.ડી. પ્રૂફ.

(૬) જન્મ દાખલામાં માતાનું નામ સુધારો કરવા માટે

- જન્મ દાખલો સુધારાનું ફોર્મ
- બાળકના જન્મ દાખલાની નકલ
- માતાના પતિના નામ સાથેના બે પુરાવા
- પિતાનો એક પુરાવો
- રેશનકાર્ડની નકલ
- જો બીજું બાળક હોય તો તેમના જન્મ દાખલાની નકલ

- લગ્ન સર્ટીફીકેટ/લગ્ન કંકોત્રી/મેરેજ મેમોરેન્ડમ
- બે સાક્ષીઓના એકરારનામા (આઈ.ડી. પ્રૂફ સાથે)
- માતાના નામમાં જો હોસ્પિટલ દ્વારા ભૂલ થયેલ હોય તો હોસ્પીટલનું સુધારા સ્ટેટમેન્ટ (એક વર્ષ સુધી)
- સુધારા માટેની તાંજેતરમાં કરાવેલ ૫૦/- રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર કરાવેલ નોટરી વાળી એફીડેવીટ અને એફીડેવીટ કરનારનું આઈ.ડી. પ્રૂફ.
- જરૂર જણાય તો અન્ય બે સાક્ષીઓના સુધારા અંગેની સંયુક્ત એક એફીડેવીટ તેમજ તેમના આઈ.ડી. પ્રૂફ

## (૭) જન્મ દાખલામાં દત્તક લેનાર માતા-પિતાનું નામ સુધારો કરવા માટે

પુરાવાની યાદી:

- અરજીફોર્મ (જન્મ પ્રમાણપત્રમાં સુધારા માટેનું સફેદ ફોર્મ)
- બાળકના જન્મ પ્રમાણપત્રની નકલ
- દત્તક અંગેનું ફોર્મ
- દત્તક કરારનો લેખ-સબ રજીસ્ટ્રાર પાસે રજીસ્ટર્ડ કરાવવો (રૂ. ૩૦૦/- ના કોર્ટ સ્ટેમ્પ ઉપર એડોપ્શન ડીડની સર્ટીફાઈડ નકલ)
- નોંધ: દત્તક કરારની A4 સાઈઝમાં નકલ કરાવવી.
- રૂ.૫૦/- ના કોર્ટ સ્ટેમ્પ ઉપર નવા માતા અને પિતાના ફોટાવાળી ઓરીજીનલ કોર્ટ એફિડેવિટ(જેના દત્તક કરારના આધારે બાળકના જન્મ પ્રમાણપત્રમાં જે સુધારો કરાવવો હોય તે દર્શાવવું)
- માતા-પિતાએ છૂટાછેડા લીધેલા હોય તેવા કિસ્સામાં છૂટાછેડા કરારની પ્રમાણિત નકલ

નોંધ : (દત્તક આપનાર તથા દત્તક લેનાર બીજા લગ્ન કરેલ હોય તેવા કિસ્સામાં બંને પક્ષના)

- છૂટાછેડાના કરારની પ્રમાણિત નકલ
- નવા પિતા/માતાના કોઈ એક પુરાવાની પ્રમાણિત નકલ
- બે સાક્ષીઓના એકરારનામા તથા તેમના ફોટો આઈ.ડી.પ્રુફ
- લગ્નનું પ્રમાણપત્ર(નવા માતા-પિતાનું)

## (૮) મરણ દાખલામાં સુધારો કરવા માટે

સામાન્ય રીતે મરણનાં કિસ્સામાં સુધારો થતો નથી. મરણ દાખલામાં સુધારા માટે અત્રેની કચેરીનો સંપર્ક કરવો. પરંતુ સામાન્ય એવા કિસ્સામાં મરણના દાખલામાં સુધારો કરવા માટે નીચે મુજબના પુરાવા લેવા.

- મરણનું સુધારા ફોર્મ
- મરનાર વ્યક્તિના કોઇપણ બે પુરાવા
- અરજદારનું આઈ.ડી. પ્રૂફ
- સ્મશાન/કબ્રસ્તાન ની પહોંચ, લાકડાની પહોંચ
- હોસ્પિટલનો સુધારા સ્ટેટમેન્ટ (ઓરીજીનલ)
- અરજદારની સુધારા અંગેની એફીડેવીટ
- સાક્ષીના એકરારનામા (જરૂર જણાય તો બે સાક્ષીઓની સંયુક્ત એફીડેવીટ)
- જરૂરી એવા કિસ્સામાં પોલીસ પંચનામું, પી.એમ. રીપોર્ટ, NOC કાગળ

## લગ્નનોંધણી (મેરેજ રજીસ્ટ્રેશન) અંગે માર્ગદર્શક સૂચનાઓ:

- જન્મ-મરણની નોંધણી અનુસાર લગ્નની નોંધણી પણ જે સ્થળે લગ્ન થયેલ હોય તે વોર્ડના જન્મ-મરણ નોંધણી કેન્દ્ર ઉપર કરવામાં આવે છે.
- લગ્ન નોંધણી અંગેના તમામ અરજીફોર્મ વિના મુલ્યે આપવામાં આવે છે.
- લગ્ન નોંધણી માટે અરજદારે અરજીફોર્મ (નમૂનો-૧) ભરીને આપવાનું રહેશે.
- અરજીફોર્મ સાથે અરજદારે લગ્ન નોંધણીની યાદી બે કોપીમાં ભરીને આપવાની રહેશે જે દરેક કોપી ઉપર રૂ. ૨૦૦/- નો એગ્રીમેન્ટ સ્ટેમ્પ લગાવવાનો રહેશે.
- અરજીફોર્મ તથા લગ્ન નોંધણીની યાદી અરજદારે જે ભાષા(ગુજરાતી અથવા અંગ્રેજી)માં મેરેજ સર્ટીફીકેટ જોઈતું હોય તે ભાષામાં ભરવાના રહેશે.
- લગ્ન નોંધણીની યાદીમાં વર, કન્યા, લગ્નની વિધિ કરાવનાર તથા બે સાક્ષીઓ વિગેરેની સહી કરાવવાની રહેશે.
- લગ્નની વિધિ કરાવનાર વ્યક્તિની લગ્નનોંધણીની યાદીમાં સહી કરાવવાની રહેશે તથા તેમનું ફોટો-અઈડેન્ટી કાર્ડ(ઓળખપત્ર) રજુ કરવાનું રહેશે.
- વર તથા કન્યા બન્નેનો જન્મનો દાખલો અથવા સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ ફરજીયાત રજુ કરવાનું રહેશે તથા લગ્નની આમંત્રણપત્રિકા જો હોય તો રજુ કરવાની રહેશે.
- અન્ય પુરવામાં વર, કન્યા તથા બન્ને સાક્ષીઓની ઓળખ માટે પાસપોર્ટ અથવા ઈલેકશન કાર્ડ અથવા રેશનકાર્ડ અથવા પાનકાર્ડ અથવા નોકરીએ રાખનાર સંસ્થાનું ફોટો-આઈ-કાર્ડ વગેરેમાંથી કોઈ પણ એક પુરાવો રજુ કરવાનો રહેશે.
- લગ્ન નોંધણી માટે નીચે મુજબ ફી ભરવાની રહેશે.
  લગ્નની તારીખના ૩૦ દિવસ સુધી રૂ. ૫/-
  લગ્નની તારીખના ૩૦ દિવસ દિવસ બાદ પણ ત્રણ માસ સુધી રૂ. ૧૫/-
  લગ્નની તારીખથી ત્રણ માસ બાદ રૂ. ૨૫/-
- અરજીફોર્મ, લગ્નનોંધણીની યાદી, નિર્ધારિત કરેલ ફી તથા તમામ પુરાવા ચકાસી સબ-રજીસ્ટ્રારશ્રી દ્વારા લગ્નનોંધણી પ્રમાણપત્ર (મેરેજ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ) આપવામાં આવશે.
- લગ્નની નોંધણી એકવાર થઇ ગયા બાદ વર્ષ ૨૦૧૬ પહેલા નોંધણી થયેલ મેરેજ સર્ટીફિકેટની પ્રમાણિત નકલ નિયત કરેલ ફી ભર્યેથી સંલગ્ન નોંધણી કેન્દ્ર ખાતે તેમજ વર્ષ-૨૦૧૬ પછી નોંધણી થયેલ મેરેજ સર્ટીફિકેટની કોમ્પ્યુટરાઈઝ્ડ ,નકલ અ.મ્યુ.કો. સંચાલિત સીટી સિવિક સેન્ટર ખાતેથી મળી શકે છે. લગ્નનોંધણીની યાદીની પ્રમાણિત નકલ રૂ. ૩૦/- ફી ભર્યેથી તથા લગ્ન રજીસ્ટરના ઉતારાની નકલ રૂ. ૧૦/- ફી ભર્યેથી મળી શકશે.
- મેરેજ રજીસ્ટ્રેશન અંગેની કાર્યપધ્ધતિ અથવા તે અંગેની અન્ય કોઈ પણ પ્રકારની ફરિયાદ હોય તો તે અંગે રજીસ્ટ્રારશ્રી, હેલ્થ જન્મ-મરણ વિભાગ, આરોગ્ય ભવન, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, આસ્ટોડીયા દરવાજા પાસે, ગીતા મંદિર રોડ, અમદાવાદ ખાતે લેખિત અથવા મૌખિક રજૂઆત કરવી. (ફોન નં. ૦૭૯-૨૫૩૯૦૬૫૧)

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

હેલ્થ જન્મ-મરણ વિભાગ

ગ્રાઉન્ડ ફ્લોર, આરોગ્ય ભવન, સેન્ટ્રલ એસ.ટી.બસ.સ્ટેન્ડ પાસે, ગીતા મંદિર, અમદાવાદ

ટેલિફોન નં.૦૭૯-૨૫૩૯૦૬૫૧ email:amcrbd@gmail.com


Azadi Ka Amrit Mahotsav

## એનેક્ષર-એ

(સામાન્ય વહીવટ વિભાગના તા. ૧-૫-૨૦૦૯ ના પરિપત્ર ક્રમાંક-પીએડી-૧૦-૨૦૦૭-૩૩૫૩૬૪-આઆટીઆઆઈસેલનું બિડાણ)

## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે મારી વડી કચેરી હેલ્થ જન્મ-મરણ ખાતું મારા વહીવટ કાર્યક્ષેત્રના આ સાથેની યાદી મુજબના જાહેર સત્તા મંડળો દ્વારા માહિતી અધિકાર"અધિનિયમની કલમ-૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો(પ્રોએક્ટીવ ડીસ્કલોઝર)(P.A.D) તૈયાર કરવામાં આવી છે. અને તા. ૦૧/૦૫/૨૦૨૨ ની સ્થિતિએ તે અદ્યતન કરવામાં આવેલ છે જેનું અમારા દ્વારા મહે મે/જુન(૨૦૨૨) દરમ્યાન ઇન્સ્પેકશન-કમ-ઓડીટ કરવામાં આવ્યું છે. અને જે બાબતે ક્ષતિ જણાઈ હતી અગર તો અપૂરતી વિગતો જણાઈ હતી તેની પૂર્તતા કરાવવામાં આવી છે.

તા. ૩૦-૦૬-૨૦૨૨ (૨૦૨૨)ની સ્થિતિએ હવે કોઈ જાહેર સત્તામંડળોના પ્રોએક્ટીવ ડીસ્કલોઝર )(P.A.D) નું ઇન્સ્પેકશન-કમ-ઓડીટ બાકી રહેલ નથી.

તા. ૧૭-૦૮-૨૦૨૨

મુખ્ય મથક – આરોગ્ય ભવન, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે,
આસ્ટોડિયા દરવાજા પાસે, ગીતા મંદિર રોડ,
અમદાવાદ.

(કલે./જ.વિ.અ./ખાતાના વડા/મેં.ડી. ની સહી)
હોદ્દો-સુપ્રિ. ઓફ વેક્સીનેશન & આર.બી.ડી.
કચેરીનું નામ-હેલ્થ જન્મ-મરણ ખાતુ